જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૦/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૬૯૧/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.03/૧૦/૨૦૨૦ કલાક 00/00 થી કલાક ૨૪/00 સુધીની માહીતી નીચે મુજબ છે**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૫૭૬ | ૧૪ | ૧૦૫૯૦ | ૧૬૬૮૧ | ૧૯ | ૧૬૭૦૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૩ | ૦ | ૪૩૪૩ | ૫૮૫૮ | ૦ | ૫૮૫૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૬૬૯ | ૧૫ | ૧૪૬૮૪ | ૧૫૪૩૧ | ૨૧ | ૧૫૪૫૨ |
| | કુલ | ૨૯૬૩૬ | ૨૯ | ૨૯૬૬૫ | ૩૮૧૮૯ | ૪૦ | ૩૮૨૨૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૭ | ૧૪,૮૭,૯૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭૪૯ | ૧૭,૪૯,000/- |

# ચીલઝડપના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનઃ-

## ચીલ ઝડપના આરોપીને પકડી પાડતી વસ્ત્રાપુર પોલીસ

મ્હે. શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ પોલીસ કમિશ્નર તથા મ્હે. શ્રી રાજેન્દ્ર અસારી સાહેબ સંયુક્ત પો.કમિ.શ્રી, સેકટર-૧ તથા શ્રી રવિન્દ્ર પટેલ સાહેબ ના,પો.કમિ.શ્રી, ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મ.પો.કમિ.શ્રી, “એ” ડીવીઝન સાહેબનાઓએ અમદાવાદ શહેરમા મિલ્કત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ બનેલ ગુન્હાઓ શોધી કાઢવા જરુરી સુચના તેમજ માર્ગદર્શન આપેલ હોય.જે અનુસંધાને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વાય.બી.જાડેજા સાહેબના માર્ગદર્શન હેઠળ તા.૦૩/૧૦/૨૦૨૦ ના રોજ વસ્ત્રાપુર પો.સ્ટે ના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ એમ.બી.જાડેજા સાહેબનાઓ સર્વેલન્સ સ્કોડ ના માણસો સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.દરમ્યાન સર્વેલન્સ સ્ક્વોર્ડનાઅ.હે.કો. રામચંદ્ર શાંતારામ બ.નં.૮૮૨૭ તથા અ.પો.કો. જીતેંદ્રકુમાર જીવાભાઇ બ.નં.૮૫૯૨ નાઓને બાતમી હકીકત મળેલ કેએક ઇસમ અલગ અલગ જગ્યાએથી રસ્તે જતા માણસોના મોબાઇલ ફોનની ચીલ ઝડપ કરી ચોરી કરતો હોય અને જે ઇસમ હાલ બોડકદેવ રાજપથ ક્લબ રોડ એસ.કે.ફાર્મની ગલીમાં રોડ ઉપર ઉભેલ છે.વિગેરે બાતમી આધારેઆરોપીને પોકેટ કોપની મદદથી પકડી પાડી નીચે મુજબના ગુન્હાનો ભેદ ઉકેલી વસ્ત્રાપુર પોલીસે પ્રશંસનીય કામગીરી કરેલ છે.

શોધાયેલ ગુન્હાઓ:

(૧) વસ્ત્રાપુર પો.સ્ટે. ગુ.ર.નં.૨૨૮/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ (એ) મુજબ

(૨) વસ્ત્રાપુર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં-૧૮૮/૨૦૧૯ ઇ.પી.કો.ક.૩૭૯(એ)(૩),૧૧૪ મુજબના

પકડાયેલ આરોપીનો ગુન્હાહિત ઇતીહાસ :-

(૧) ગોમતીપુર પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં.૦૧૩૨/૧૯ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબ

(૨) શહેર કોટડા પો.સ્ટે.ફસ્ટ.ગુ.ર.નં-૦૨૬૩/૧૯ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબ

(૩) નિકોલ પો.સ્ટે.ફસ્ટ.ગુ.ર.નં-૧૦૫/૧૯ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબ

(૪) રખીયાલ પો.સ્ટે.ફસ્ટ.ગુ.ર.નં-૦૦૪૮/૧૯ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબ

(૫) કાલુપુર પો.સ્ટે.ફસ્ટ.ગુ.ર.નં-૧૦૫/૧૯ ઇ.પી.કો.કલમ-૩૭૯(એ)(૩) મુજબ

સારી કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ:-

પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વાય.બી.જાડેજા સાહેબ તથા પો.સબ.ઇન્સ શ્રી એમ.બી.જાડેજા તથા મ.સ.ઇ.જહાંગીરખાન ઇસ્માઇલખાન તથા મ.સ.ઇ.ભારતભાઇ દાનાભાઇતથા અ.હેડ.કોન્સ નરેંદ્રભાઇ પરસોતમભાઇ તથા અ.હે.કો. રામચંદ્ર શાંતારામ તથા અ.હે.કો.બાબુભાઇ સરતાનભાઇ તથા અનાર્મ પો.કોન્સ જીતેન્દ્રકુમાર જીવાભાઇ તથા પો.કોન્સ યશપાલસિહ જોરૂભા તથા અ.પો.કો. ગોવીંદભાઇ નરસિંહભાઇ તથા પો.કો.રાજેશકુમાર કરશનભાઇ તથા અ.લો.ર વિશાલકુમાર પુંજાભાઇ તથા અ.લો.ર લાલજીભાઇ ચકાભાઇ તથા અ.લો.ર. વિશ્વરાજસિંહ હરદેવસિંહ તથા લો.ર. જયપાલસિંહ દિલીપસિંહ તથા લોકરક્ષક વિનોદભાઇ દલપતભાઇ.તથા જયવિરસિહ રણજીતસિહ તથા વુ.લો.ર.રીંકુબેન મુળજીભાઇ

પકડાયેલ આરોપી:-

અરદાદખાન ઉર્ફે સલમાનખાન સ/ઓ અસ્લમખાન દોસમખાન પઠાણ ઉ.વ.૨૧ ધંધો.મજુરી રહે.મ.નં.૧ અસ્મા ડુપ્લેક્ષ બેરલ માર્કેટ ચંડોળા રોડ દાણીલીમડા અમદાવાદ



# <u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>નરોડા પોલીસ સ્ટેશનઃ-</u>**

## <u>હોસ્પીટલમાંથી મોબાઇલ ચોરીના આરોપીને ગણતરીના કલાકોમાં પકડી પાડતી નરોડા સર્વેલન્સ સ્ક્વોડ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી જે.જી.પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇ. ડી.કે.મોરી તથા સાથેના માણસોએ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન નરોડા માછલી સર્કલ પાસે આવેલ "સોની હોસ્પીટલ" માંથી મોબાઇલ ફોનોની ચોરી થયેલ જે અનુશંધાને સાથેના પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ તથા એલ.આર વિક્રમ પ્રેમસિંહ નાઓની બાતમી હક્કિત આધારે નરોડા પો.સ્ટે ગુ.ર.નં-પાર્ટ-એ-૨૪૨૬/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૮૦,૪૫૭ મુજબ ગુનાના કામના આરોપી "સંજય દિપકભાઇ મોદી ઉ.વ.૨૨ ધંધો-રીક્ષા ડ્રાઇવીંગ રહે મ.નં-૧૦,હરીહર સોસાયટી,દરબાર વાસ પાસે,નરોડા ગામ, નરોડા, અમદાવાદ"નાને "સીસીટીવી કુટેજની મદદથી" નરોડા મામા કલ્યાણ પાસેથી ઉપરોક્ત ગુનાના કામે પકડી તા.૨/૧૦/૨૦૨૦ ના કલાક ૧૯/૩૦ વાગે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે. તા.૦૩/૧૦/૨૦૨૦

<u>કામગીરી કરનાર અધિકારી / કર્મચારી</u>

સર્વે સ્વોડ પો.સ.ઇ. ડી.કે.મોરી તથા એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા એ.એસ.આઇ. જેઠાભાઇ બહેચરભાઇ બ.નં.૮૦૩૨ તથા તથા જયેન્દ્રસિંહ કલ્યાણસિંહ બ.નં.૪૧૫૮ તથા પો.કોન્સ.પંકેશભાઇ ધનાભાઇ બ.નં. ૪૦૫૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૦૮૦૯ તથા પો.કોન્સ પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા પો.કોન્સ પ્રદિપકુમાર રામાભાઇ બ.નં-૧૦૩૬૧ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર મયુરસિંહ કરણસિંહ બ.નં-૧૨૫૧૦ તથા એલ.આર વિક્રમ પ્રેમસિંહ બ.નં-૧૨૪૨૨ તથા એલ.આર અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.

## આરોપીનુ નામ

“સંજય દિપકભાઇ મોદી ઉ.વ.૨૨ ધંધો-રીક્ષા ડ્રાઇવીંગ રહે મ.નં-૧૦,હરીહર સોસાયટી,દરબાર વાસ પાસે,નરોડા ગામ, નરોડા,અમદાવાદ”

## આરોપીનો ફોટો



# <u>જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>ઇસનપુર પોલીસ સ્ટેશન</u>

### <u>ક્રિકેટ સટ્ટાનો ગણના પાત્ર કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય અને પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબનાઓના માર્ગદર્શન અને સુચના મુજબ સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો પોલીસ સ્ટેશન ખાતે હાજર હતા દરમ્યાનમા તા ૦૩/૧૦/૨૦૨૦ ના કલાક ૧૬/૪૫ વાગે અ.પો.કોન્સ દેવેન્દ્રસિહ વેલુભા તથા લોકરક્ષક મહાવીરસિહ સિધ્ધરાજસિહ નાઓને સયુક્ત બાતમી મળેલ કે સાવન સોસાયટી મ.ન ૧૦ ભાડુઆતનગરની પાસે ઇસનપુર ખાતે રેહતો વિરેન્દ્રસીગ પ્રિતમસીગ ભાટીયાનાઓના ઘરે તાજેતરમા ચાલી રહેલ આઇ.પી.એલ ક્રિકેટ મેચની રાજસ્થાન રોયલ્સ તથા રોયેલ્સ ચેલેન્જર બેગ્લોર વચ્ચેની ટ્ર-ટ્વેન્ટી મેચ વચ્ચે ટી.વી સામે બેસી પોતાની પાસેના મોબાઇલ ફોનમા આઇ.ડી દ્વારા ક્રિકેટ સટ્ટા બેટીગની હારજીતની પ્રવુતિ કરે છે જે હકિકત આધારે તા ૦૩/૧૦/૨૦૨૦ ના કલાક ૧૮/૪૫ વાગે સદરી જગ્યાએ ક્રિકેટ સટ્ટા અંગે રેઇડ કરી આરોપી  વિરેન્દ્રસીગ પ્રિતમસીગ ભાટીયા ઉ.વ ૬૦ રહે,મ.નં ૧૦ સાવન સોસાયટી ભાડુઆતનગરની પાસે ઇસનપુર અમદાવાદ શહેરનાને ક્રિકેટ ઉપર સટ્ટો રમતા રોકડા નાણા રૂપિયા ૧૬,૦૦૦/-તથા મોબાઇલ ફોન નંગ-૧ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-તથા ટી.વી નંગ-૧ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-તથા સેટઅપ બોક્ષ તથા લાઇટબીલ મળી કુલ રૂપિયા ૩૬,૫૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી આ ક્રિકેટ સટ્ટાની લિંક તથા આઇ.ડી કાકરીયા હિરાભાઇ માર્કેટ પાસે પારેખ ટાવરમા પરાગ રોડવેજ નામની ટ્રાન્સપોર્ટની ઓફીસ ધરાવતા પારસભાઇ માણેકચંદ જૈનનાએ આપેલ હોય સદરીને પણ ગુનામા અટક કરી ઇસનપુર પો.સ્ટેશન ગુના નં પાર્ટ-B-૧૧૧૯૧૦૨૨૨૦૧૪૦૫/૨૦૨૦ જુગારધારા કલમ ૪,૫ મુજબનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામા આવેલ છે તા.૦૪/૧૦/૨૦૨૦



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## વાસણા પોલીસ સ્ટેશનઃ-

## સુરત શહેરના ખટોદરા પોલીસ સ્ટેશનના બળત્કારના ગુનાનો નાસતો ફરતો આરોપી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરતી વાસણા પોલીસ

પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા સંયુકત પોલીસ કમીશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-7 સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ‘એમ” ડિવીઝન નાઓની સુચના તથા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એમ.એમ.સોલંકી નાઓના સીધા માર્ગદર્શન હેઠળ મીલકત સંબંધી બનેલ ગુના તથા વાહન ચોરીના બનેલ ગુના શોધી કાઢવા પો.ઇન્સ નાઓની સુચના મુજબ કામગીરી અર્થે આજરોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.એ.આર.સુર્યવંશીતથા સાથેના સ્ટાફના હે.કો.લલિતભાઇ અમરાભાઇ તથા પો.કો.લકધીરસિહ રતુભા તથા પો.કો.વિજયસિંહ હનુભા તથા પો.કો.દીગ્વીજયસિહ દીપસંગભાઇ તથા પો.કોંસ જીતેંદ્રસિહ દશરથસિહ તથા પો.કો.જયવીરસિહ રાજુભા તથા પો.કો.મીહીરભાઇ હસમુખભાઇ તથા પો.કો.ચંન્દ્રસિહ કહળસિહ તથા પો.કો.રાજુભાઇ લાખાભાઇ તથા લોકરક્ષક જયેશભાઇ પ્રતાપભાઇ તથા લોકરક્ષક મનોજકુમાર ખેમચંદભાઇ તથા લોકરક્ષક ગૌતમભાઈ કાળુભાઈ વિગેરે સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે વખતેપો.કો.ચંન્દ્રસિહ કહળસિહ તથા  લોકરક્ષક મનોજકુમાર ખેમચંદભાઇ નાઓને સંયુકત ખાનગી બાતમી આધારે એક ઇસમ  અધ્યાય પ્રવિણભાઇ ભોગીલાલ સોની ઉ.વ-૩૬ ધંધો-છુટક કામ રહે- ડી/૨૩ સુસ્મીતા ફલેટ વાસણા અમદાવાદ શહેર નાનો ખટોદરા પોલીસ સ્ટેશન પાર્ટ-એ.ગુ.ર.નં-૧૧૨૧૦૦૨૩૨૦૧૨૬૭/૨૦૨૦ ઇ.પી.કો.કલમ-૩૭૬(૨)(એન),૫૦૬(૨) મુજબના ગુનાના કામે નાસતો ફરતો વોન્ટેડ હોય જેથી સદરી ઇસમને તા-૦૨/૧૦/૨૦૨૦ ના કલાક-૨૧/00 વાગ્યે CrPC કલમ-૪૧(૧)આઇ મુજબ નજર કેદ કરી આરોપીને સુરતશહેર ના ખટોદરા પોલીસ સ્ટેશન ખાતે સોપી પ્રસંશનીય કામગીરી કરેલ છે

# તડીપાર અટકાયતની વિગત

**નરોડા પોલીસ સ્ટેશનઃ-**

## તા.03/૧૦/૨૦૨૦ નારોજ શરીર સબંધી ગુનાના આરોપીને તડીપાર કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓની સુચના મુજબ પો.ઇન્સ શ્રી જે.જી.પટેલ સાહેબ નાઓના માર્ગદર્શન આધારે (૧)નરોડા પો..સ્ટેશન સે.ગુ.ર.નં-૩૨૨૩/૨૦૧૯ ઇ.પી.કો.કલમ-૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨) મુજબનો ગુનો તથા (૨) નરોડા ફ.ગુ.ર.નં-૧૭૬/૨૦૧૯ ઇ.પી.કો.કલમ-૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૪૨૭, ૫૦૬(૨), ૩૩૭, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ્ કલમ ૧૩૫(૧) મુજબ ગુના દાખલ થયેલ હતા. જેથી મદદનીશ પોલીસ કમિ શ્રી "જે" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના ક્રમાક:જે/ડીવી/હદપ/૩૨૬/૨૦૨૦ તા.૨૯/૦૯/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને આજ રોજ તા.03/૧૦/૨૦૨૦ ના કલાક ૧૪/30 વાગે તડીપાર હુકમની બજવણી કરી સદર આરોપી ને વડોદરા જીલ્લાની હદમાં આવેલ વાઘોડીયા પોલીસ સ્ટેશન ખાતે મોકલી આપવા તજવીજ કરી સારી કામગીરી કરેલ છે.

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. ડી.કે.મોરી તથા એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા એ.એસ.આઇ. જેઠાભાઇ બહેચરભાઇ બ.નં.૮૦૩૨ તથા તથા જયેન્દ્રસિંહ કલ્યાણસિંહ બ.નં.૪૧૫૮ તથા પો.કોન્સ.પંકેશભાઇ ધનાભાઇ બ.નં. ૪૦૫૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૦૮૦૯ તથા પો.કોન્સ પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા પો.કોન્સ પ્રદિપકુમાર રામાભાઇ બ.નં-૧૦૩૬૧ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર મયુરસિંહ કરણસિંહ બ.નં-૧૨૫૧૦ તથા એલ.આર વિક્રમ પ્રેમસિંહ બ.નં-૧૨૪૨૨ તથા એલ.આર અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.

### આરોપીનુ નામ -

બ્રીજેશ ઉર્ફે ટોલી વિજયભાઇ જાતે.ભટ્ટ ઉ.વ.૨૬ રહે= નરોડા ગામ ભાટ્ટની ખડકી નરોડા

આરોપીનો ફોટો



# પાસા અટકાયતની વિગત

**શાહપુર પોલીસ સ્ટેશનઃ-**

## શરીર સબંધીના ગુનામાં આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

(૧)

મે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંક/PCB/DTN/પાસા/૯૯૨/૨૦૨૦ તા.03/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે રાજુદ્દીન બશરૂદ્દીન કુરેશી ઉ.વ-૪૪ રહે-મ.ન.૩૦૭૦, કાણીખાનનો મહોલ્લો લાજવાબ હોટલ પાછળ દિલ્લી દરવાજા પાસે, શાહપુર, અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધમાં દાખલ થયેલ શરીર સબંધી ગુનામાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય સદરી આરોપીને આજરોજ તા.03/૧૦/૨૦૨૦ ના કલાક ૨૨/૩૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી "રાજકોટ" જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે તા.03/૧૦/૨૦૨૦.




(૨)

મે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાપાસા અટકાયતી ક્રમાંક/PCB/DTN/પાસા/૯૯૧/૨૦૨૦ તા.03/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે નીતુદે સોનીયાદે મોસમદે પાવૈયા ઉ.વ-૩૧, રહે-કીશન કંગનની સામે નીતુદે સોનીયાદે મોસમદે નો અખાડો, દિલ્લી દરવાજા પાસે, શાહપુર, અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધમાં દાખલ થયેલ શરીર સબંધી ગુનામાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય સદરી આરોપીને આજરોજ તા.03/૧૦/૨૦૨૦ ના કલાક ૨૨/૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી "પાલરા" ભુજ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે તા.03/૧૦/૨૦૨૦



## ઇસનપુર પોલીસ સ્ટેશન

# પ્રોહીબિશનના ગુનામા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી જામનગર જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ પ્રોહીબિશનના ગુનાઓમા પકડાયેલ આરોપી વિશાલ ઉર્ફે સંજય ગણેશભાઇ ચુનારા ઉ.વ ૨૫ રહે કંટોડીયાવાસ રૂગ્નાથપુરાની પીઠની સામે રાયપુર દરવાજા બહાર રાયપુર કાગડાપીઠઅમદાવાદ શહેરનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ આરોપીને શોધી કાઢી પકડી પાડી તેને પાસા હુકમ નં પી.સી.બી/ ડી.ટી.એન/પાસા/૯૮૮/૨૦૨૦ તા.૦૨/૧૦/૨૦૨૦ થી જામનગર જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૦૪/૧૦/૨૦૨૦

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૯૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૩૦૯ લીટર દેશી દારૂ, ૩૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨૯ બિયર ટીન, ૩ સ્કુટર, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૬,૭૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૯૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૬૯૪/૨૦૨૦**

**નરોડાઃ** સીમાબહેન નરેન્દ્રસિહ સોલંકી (ઉ.વ.૪૨) (રહે. શીતલનાથ પ્રભુ સોસાયટી કઠવાડા રોડ નરોડા) એ તા.03/૧૦/૨૦૨૦ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૨૦૧૯ થી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) દેવેન્દ્રપ્રસાદ રાજેન્દ્રપ્રસાદ શ્રીવાસ્તવ (રહે. આયોધ્યા એપાર્ટમેન્ટ કુશ ૧ ગામડી રોડ વટવા) એ દેવ જન સેવા શિક્ષા સંસ્થાન" નામની સંસ્થાની ઓફીસ દુકાન નંબર-૯ સંધાણી કોમ્પલેક્ષ, વ્રજભુમી માર્કેટ, અયોધ્યા એપાર્ટમેન્ટની બાજુમાં, ગામડી રોડ, ન્યુ વટવા તથા બીજી નવા નરોડા કઠવાડા રોડ હરીદર્શન સેન્ટ ઝેવિયર્સ સ્કુલ સામે નીલ આર્કેડ ૧૦૪-૧૦૫ ખાતે શરૂ કરી તે સંસ્થામાં સીમાબહેનને તથા તેમના પતિને સભ્ય તથા શિક્ષક તથા ચીફ સુપરવાઈઝર તથા ડીસ્ટ્રીક્ટ ઓફીસર બનાવવાની તેમજ લોન આપવાની લોભામણી લાલચ આપી તેની ફી પેટે સીમાબહેન પાસેથી રોકડ રૂપિયા ૪,૩૨,000/- ભરાવી તથા તેઓની નીચે બનેલ ટીમના અલગ અલગ સભ્યો પાસેથી ગરીબ બાળકોના શિક્ષણ માટે શિક્ષક, પેંશન, લોન, એજ્યુકેશન લોન, વિધવા સહાય, બ્યુટિપાર્લર, સિવણ ક્લાસ, યોગા ક્લાસ, કોમ્પ્યુટર ક્લાસ માટે અલગ અલગ રકમ મળી રૂપિયા ૫૫,૪૧,૬૫૦/- કુલ રૂપિયા ૫૯,૭૩,૬૫૦/- તેમજ સીમાબહેનના અન્ડરના બીજા ૪૯૨ જેટલા સભ્યો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**નવરંગપુરાઃ** હેતાર્થ વિઠ્ઠલદાસ હીરપરા (ઉ.વ.૨૫) (રહે. કે/૩ બાલાજી પ્લાઝા ચીફ જજીસ બંગ્લોઝ સામે બોડકદેવ) એ તા.૦૩/૧૦/૨૦૨૦ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૨૦ થી તા.૨૯/૦૮/૨૦૨૦ દરમ્યાન મોબાઈલ નંબર ૮૮૮૯૪૩૫૬૦૬ ના ધારકે ઇન્સ્ટાગ્રામ પેજ ઉપર સ્માર્ટ ફોન શોપ એપલ પ્રોડક્ટની જાહેરાત મુકતા હેતાર્થ હીરપરાએ વાત કરતા એપલ આઇપેડ માર્કેટ કિંમત કરતા અડધાથી પણ ઓછા ભાવમા વેચાણ આપવાની લાલચ આપી હેતાર્થ હીરપરા પાસે રૂપિયા ૧૨,૨૬૦/- તેમના એસ.બી.આઇ. બેન્કના ખાતામાં જમા કરાવડાવી મેળવી લઈ આઇ.પેડની ડીલીવરી નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૬૯૫/૨૦૨૦**

**વેજલપુરઃ** અરબાઝખાન સ/ઓ અયુબખાન પઠાણ (રહે.બાગે નિશાંત સોસાયટી સોનલ સિનેમા સામે વેજલપુર રોડ જુહાપુરા) એ તા.૦૩/૧૦/૨૦૨૦ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૯/૨૦૨૦ રાતના ૮/૦૦ થી તા.૨૭/૦૯/૨૦૨૦ બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન જુહાપુરા હાજીબાવાની દરગાહ પાસે અલીફ કોમ્પ્લેક્ષ-૨ ૧૬ નંબરની ઓફીસના શટરનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી રોકડ રૂપિયા ૪૮,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

**નરોડાઃ** મીનાબહેન જગદીશભાઇ બેલદાર (રહે. વિમલ પાર્ક સોસાયટી દહેગામરોડ નરોડા) એ તા.૦૩/૧૦/૨૦૨૦ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૩/૨૦૨૦ સાજના ૬/૦૦ થી તા.૦૩/૧૦/૨૦ બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૭૯,૫૦૦/- અને રોકડ રૂપિયા ૬૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૫,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૯૬/૨૦૨૦**

**પાલડીઃ** કીશોરભાઇ ત્રિકમભાઇ જોષી (રહે. શંકરબાપાની ચાલી મ્યુનિસીપલ સ્કુલ નં-૧૨ સામે ફતેપુરા પાલડી) એ તા.૦૨/૧૦/૨૦૨૦ રાતના ૮/૩૦ વાગે પાલડી ફતેપુરા ગામ રાવળવાસના નાકે સારા પાન પાર્લર સામે શાન્તમ બંગલાની બાજુમા પોતાની મારૂતી સુઝુકી ઇકો ગાડી નંબર જીજે ૦૧ એચડબલ્યુ ૫૯૬૪ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેમી ચોરી તા.૦૩/૧૦/૨૦૨૦ કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ કીશોરભાઈ જોષીએ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી પ્રદ્યુમનસિહ જટુભા ચલાવે છે.

**ઓઢવ**: હરીશંકર ઉદયભાણ પાન્ડે (રહે. હરેક્રીષ્ણા સોસાયટી સગુણાપાર્ક ચાર રસ્તા પાસે આદીનાથનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.03/૧૦/૨૦૨૦ કલાક 3/30 વાગ્યાના સુમારે સોસાયટી નજીક પાર્ક કરેલ પોતાની મહીંદ્રા કંપનીની સ્કોર્પિયો ગાડી નંબર જીજે ૨૭ બીએલ ૦૧૫૮ કિમત રૂપિયા ૬,00,000/- અજાણ્યા બે પુરૂષ ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એ.ઝાલા ચલાવે છે.

**અપમૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૬૯૭/૨૦૨૦**

**નરોડા**: નાના ચીલોડા સી.એન.જી પેટ્રોલ પંપ પાછળ સાંઈ એક્ષોટીકાની નવી બનતી સાઈટ ઉપર રહેતા અને ત્યા જ કામ કરતા મહેન્દ્રભાઈ પુંજાભાઈ ડામોર (ઉ.વ.૧૯) (મુળ વતન. ગામ-કેસરપુરા તા-ગલીયાકોટ જી-ડુંગરપુર રાજસ્થાન) તા.30/0૯/૨૦૨૦ બપોરના ૪/30 વાગ્યાના સુમારે સાઈટ પર કામ કરતા હતા ત્યારે સાઈટ ઉપરથી ઈંટ પડતા માથામાં વાગતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.કામળીયા ચલાવે છે.

**આત્મહત્યા:-** **સમાચાર યાદી નં.૧૬૯૮/૨૦૨૦**

**ખોખરા**: સુનીલભાઇ બાબુલાલ સોની (ઉ.વ.૫0) (રહે. પંચાલની ચાલી પીપળેશ્ર્વર મહાદેવની સામે દરબારના દવાખાનાની બાજુમાં હરીપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.0૨/૧૦/૨૦૨૦ રાતના ૧૧/30 થી તા.03/૧૦/૨૦૨૦ કલાક ૬/00 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે લોખંડની જાળી સાથે દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.વાઘેલા ચલાવે છે.

**વટવા**: પીંકીબહેન રમેશભાઇ ચૌહાણ (ઉ.વ.૨૪) (રહે.ગાયત્રીનગર આંબલીના ઝાડ પાસે બચુભાઇનો કુવો વટવા) એ બીમારીથી કંટાળી તા.03/૧૦/૨૦૨૦ બપોરના ૪/૪0 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી